ગાંધીનગરમાં જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ગાંધીનગર જિલ્લામાં ૭૩ મા પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉત્સાહપૂર્વક ઉજવણી સેકટર-૧૧, રામકથા મેદાન, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. ગૃહ રાજયમંત્રીએ સ્વતંત્ર અખંડ ભારતના નિર્માણ અને દેશને આઝાદી અપાવનાર શહીદોને સલામ અને નમન કરવાના આ પવિત્ર દિવસે શ્રદ્ધાંજલિ આપી તેમના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વિશ્વના સૌથી મોટા લોકશાહી ધરાવતા દેશ માટે આ એક વિશેષ પર્વ છે. માતૃભૂમિના ચરણોમાં વંદન કરવાનું, આપણા શહીદવિરોને યાદ કરીને તેમના પ્રતિ આદર વ્યક્ત કરવાનું અને સાથે જ રાષ્ટ્રના ગરિમા-ગૌરવ પ્રતિ આપણી રાષ્ટ્રભાવના અને નિષ્ઠાને સંકલ્પ બદ્ધ કરવાનું આ પર્વ છે. આઝાદીનું આપણે સૌ સન્માન કરીએ અને દેશના વિકાસ અને એકતા માટે સતત કર્તવ્યનું પાલન કરીએ એ જ મહાન ક્રાંતિકારીઓને સાચી શ્રદ્ધાંજલિ છે.

ગૃહ રાજયમંત્રીના હસ્તે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમને જિલ્લાના વિવિધ વિકાસ કામો માટે રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. તેમજ જિલ્લામાં વિશિષ્ટ કામગીરી કરનાર સંસ્થા અને વ્યક્તિઓનું મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી દ્વારા રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ઉભા કરવામાં આવેલા કોરોના વોરિયર્સના પ્રિકોશન ડોઝ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ પણ મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ગાંધીનગર ધારાસભ્ય શંભુજી ઠાકોર, રાજયના વરિષ્ઠ અધિકારીઓ, જિલ્લાના અધિકારીઓ અને નગરજનો પણ સહભાગી બન્યા હતા.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના બેટા આને દેશભક્તિનું ફળ ન કહેવાય...
ત્રણ કલરવાળા ફળને પપૈયું કહેવાય...!!

જન્મદિને વધામણી

કમલેશ ટી. ખનાયત
મો. ૯૭૨૩૪ ૯૬૧૪૮

દિલીપભાઈ જી બારોટ
મો.૭૮૦૨૮૧૪૮૬૬

અમૃતલાલ સી કાપડીયા
મો. ૯૮૨૫૬ ૮૭૭૧૩

ભારતીબેન જગદીચંદ્ર પ્રજાપતિ
મો. ૯૮૨૫૫ ૧૧૨૧૦

રાણા વિજયસિંહ અજિતસિંહ
મો. ૯૭૧૪૬ ૬૦૭૪૭

હિતેષ પ્રવિણભાઈ નાડિયા
મો.૯૭૧૪૫ ૧૭૦૧૯

સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલ ખાતે ધ્વજવંદન

સેક્ટર-૨૫માં ઈલેક્ટ્રોનિક્સ જીઆઈડીસી ખાતે સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદનમાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવ્યું હતું. આ પ્રસંગે સમર્પણ બોયઝ પીજી એન્ડ હોસ્ટેલના ટ્રસ્ટીઓ તેમજ સંચાલકો સહિત વિદ્યાર્થીઓ ઉપરાંત હેપ્પી યુથ ક્લબના હોદ્દદારો-કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા.

શાહપુર ગામના ભાજપના અગ્રણીને આરટીઓ અધિકારીએ માર માર્યો

ઓફિસના ગેટ પાસેથી ગાડી ખસેડવાનું કહેતા અધિકારીએ પિત્તો ગુમાવ્યો, ગ્રામજનો એકઠા થતા અધિકારી-કર્મચારીઓ ગાડી મુકીને જતા રહ્યા, રોજ ઉઘરાણા માટે ગાડીઓ ગોઠવાઈ જતી હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-ગીફટસીટી તરફ જવાના માર્ગ પર શાહપુર ચોકડી પાસે ઓફિસના ગેટ ખડકાયેલી ગાડીઓ ખસેડવાનું કહેતા આરટીઓ ઈન્સ્પેકટરનો પિત્તો ગયો હતો. "રોડ ઉપર મારો અધિકાર છે, તુ મને કહેવા વાળો કોણ" તેમ કહીને શાહપુર ગામના યુવાન સરપંચના પિતાને આરટીઓ ઈન્સ્પેકટરે શર્ટ ફાડી નાંખી માર માર્યો હતો. સત્તાના નશામાં ભાન ભુલેલા આરટીઓ અધિકારી ગુંડાગીરી પર ઉતરી આવતા સ્થાનિક નાગરીકો પણ ચોંકી ઉઠ્યા હતા. બનાવને પગલે શાહપુર ગામના ગ્રામજનો મોટીસંખ્યામાં આવી પહોંચતા આરટીઓ અધિકારી-કર્મચારીઓ સરકારી ગાડી મુકીને નાસી ગયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના રક્ષાશકિત સર્કલ થી ગીફટસીટી તરફ જતા માર્ગ પર શાહપુર ચોકડી પર આરટીઓ લખેલી ગાડી લઈને ઉભા રહેલા આરટીઓ ઈન્સ્પેકટર અને સાથે રહેલા કર્મચારીઓએ સામાન્ય બાબતે શાહપુર ગામના અગ્રણી હસમુખ પટેલને માર મારી શર્ટ ફાડી અસામાજીક તત્વોની જેમ આતંક મચાવ્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. શાહપુર ચોકડી પાસે હસમુખ ભાઈની ઓફિસ આવેલી છે. શાહપુર ગામના સરપંચના પિતા હસમુખભાઈ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વેપાર સાથે જોડાયેલા છે. ત્યારે હસમુખભાઈની ચોકડી પર આવેલી ઓફિસ આગળ આરટીઓ ઈન્સ્પેકટ પોતાની ગાડી લઈ ગોઠવાઈ ગયા હતા અને બીજા વાહનો રોકી રહ્યા હતા. જેથી હસમુખભાઈની ગાડી ઓફિસથી બહાર નીકળી શકે તેવી સ્થિતિ ન હતી. જેથી તેઓએ આરટીઓ ઈન્સ્પેકટરને ગાડી સાઈડમાં લેવા માટે જણાવ્યું હતું. પરંતુ આટલુ વાક્ય સાંભળી ભડકી ઉઠેલા આરટીઓ અધિકારીએ હસમુખભાઈને "રોડ પર મારો અધિકારી છે" "રોડ પર મને કહેવાવાળો તુ કોણ" કહી ગુસ્સે ભરાયા હતા. ત્યારે ઓફિસના ગેટ પાસે ગાડી નહી હટાવીને એકઠા થયેલા આરટીઓ અધિકારી અને કર્મચારીઓએ ઝપાઝપી કરીને હસમુખભાઈ પર તુટી પડ્યા હતા. ત્યારે ગામના નાગરીકો તેમજ સ્થાનિક વેપારીઓએ વચ્ચે પડીને તેઓને વધુ મારમાંથી છોડાવ્યા હતા. બનાવની જાણ થતા ગામમાંથી મોટીસંખ્યામાં ગ્રામજનો ચોકડી પર આવતા આરટીઓ અધિકારી-કર્મચારીઓ પોતાની સરકારી ગાડી મુકીને નાસી ગયા હતા. ત્યારે બનાવની જાણ થતા અન્ય પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી આવી મામલો થાળે પાડ્યો હતો.

પ્રેમિકાનું અપહરણ કરનાર પ્રેમી હિંમતનગરથી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

શહેરને અડીને આવેલા પેથાપુર પાસેથી તાજેતરમાં એક યુવતિનું અપહરણ થયું હતું. અપહરણમાં પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ત્યારે યુવતિના અપહરણ કરનાર શખ્સને પોલીસે હિંમતનગરથી પકડી પાડી યુવતિને મુકત કરાવી રૂ.૪ હજારની કિંમતનો મોબાઈલ કબ્જે કરી અપહરણનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી દીધો છે.

પેથાપુર પોલીસ મથક વિસ્તારમાંથી બે દિવસ અગાઉ ૨૨ વર્ષિય યુવતિનું અપહરણ થતા પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે રેન્જ આઈજી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ બનાવની ગંભીર નોંધ લઈ આરોપીઓને ઝડપી પકડી પાડવા માટે સુચના આપી હતી. જે અન્વયે એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમોએ અપહરણની તપાસ શરુ કરી હતી. તપાસ દરમિયાન ટેકનીકલ અને હ્યુમન સોર્સથી માહિતી મળી હતી કે હિંમતનગર મોતીપુરા વિસ્તારમાં આવેલી પૃથ્વીનગર સોસાયટીના મકાનમાં યુવતિને પૂર્વ પ્રેમી અમિત કાળીદાસ ગામેતીએ ગોંધી રાખી છે. બાતમી મળતા જ એલસીબી ટીમ હિંમતનગર પહોંચીને યુવતિનો હેમખેમ છુટકારો કરાવ્યો હતો. ત્યારે પોલીસની તપાસમાં અમિત કાળીદાસ ગામેતી (રહે. ગામ જોધપુર, ગામેતી ફળી વાંકાનેર ભિલોડા) ને યુવતિ વર્ષ ૨૦૧૭માં કોલેજ સમયમાં સંપર્કમાં આવ્યા હતા. બંન્ને વચ્ચે ગાઢ મિત્રતા થતા લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ યુવતિના લગ્ન અન્ય યુવક સાથે નક્કી થયા હતા. જયારે પ્રેમ પ્રકરણને પગલે અમિત ગામેતીના ત્રણ થી ચાર વખત સંબંધ તુટી ગયા હતા. જેથી અમિત ગામેતી એ પોતાના મિત્રો કલ્પેશ ગામેતી, જયેશ ગામેતી, અને સંદિપ ગામેતી સાથે મળીને ઈકો કારમાં યુવતિનું અપહરણ કર્યું હતું. જયારે ચાંદખેડા દવાખાનામાં યુવતિ નોકરી કરતી હતી અને અમિતના મામાની દિકરીના ઘરની નજીક રહેતી હોવાથી અમિત માટે અપહરણનો પ્લાન સરળ રહ્યો હતો. ત્યારે પોલીસે અમિત ગામેતીને પકડી પાડી રૂ.૪ હજારનો ફોન કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

વસાહત મહાસંઘે મનપાના ધ્વજવંદન કાર્યક્રમમાં હાજરી આપી

મહાનગરપાલિકાના ધ્વજવંદન કરતાં સ્વયંસેવકો ગાંધીનગર મહાનગર પાલિકા સેવા સદન ખાતે ધ્વજવંદનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. કાર્યક્રમમા શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા હોદ્દેદારો કાનજીભાઈ દેસાઈ, ઘનશ્યામસિંહ ગોલ, નાગરભાઈ મકવાણા, ગોપાળજી ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા

સુઘડ કેનાલમાં મોતની છલાંગ મારનાર યુવકને ફાયરની ટીમે બચાવ્યો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીકથી પસાર થતી નર્મદા કેનાલ મોતની છલાંગ માટેનું હોટ સ્પોટ સ્થળ બની ગઈ છે. આંતરે દિવસે કેનાલમાંથી મૃતદેહ મળી આવે છે. ત્યારે આજે સવારે અમદાવાદના યુવકે સુઘડ નર્મદા કેનાલમાં કુદકો માર્યો હતો.ત્યારે યુવક ડુબી રહ્યો હોવાનો કોલ મળતા ગાંધીનગર ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલીક કેનાલ ખાતે પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ કેનાલમાં કુદીને ડુબી રહેલા યુવકને ભારે જહેમત પછી હેમખેમ બહાર નીકાળ્યો હતો.

જયારે યુવકને ઠંડી લાગી હોવાથી સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ નર્મદા કેનાલમાં કોઈ વ્યકિત ડુબી રહ્યો હોવાનો કોલ ગાંધીનગર ફાયર બ્રિગેડને મળ્યો હતો. જેથી ફાયર જવાનો જરુરી સાધન-સામગ્રી સાથે તાત્કાલીક કેનાલ ખાતે પહોંચી ગયા હતા. ત્યારે ફાયર જવાનોએ જોયુ તો યુવક કેનાલના ઉંડા પાણીમાં ગરકાવ થઈ રહ્યો હતો. થોડી થોડી વારે યુવક જીવ બચાવવા માટે માથુ બહાર નીકાળી રહ્યો હતો.પરંતુ પાણીના પ્રવાહમાં તે કેનાલની વચ્ચે ડુબી રહ્યો હતો. ત્યારે આ નિહાળીને ફાયર જવાન મહાવીર ચૌહાણ અને રોહિત ડાભી સહિત અન્ય જવાનો કેનાલમાં કુદી પડ્યા હતા. ફાયર જવાનોએ ભારે જહેમત પછી ડુબી રહેલા યુવકને હેમખેમ બહાર લાવ્યા હતા. પ્રાથમિક તપાસમાં કેનાલમાં મોતની છલાંગ મારનાર યુવક જયેશ નાનવાણી (ઉ.૩૫) હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે તાજ હોટલ સામે યુવક રહેતો હોવાનું પણ જાણવા મળ્યું છે. મોતની છલાંગ લગાવનાર યુવકને કેનાલના ઠંડા પાણીને પગલે ઠંડી લાગી હોવાથી ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ધીમ્મર સતીષ પ્રાણજીવનભાઈ,** ઉ.વ. ૬૧, સેકટર-૨૨
- **સ્વ. પરમાર જડીબેન લક્ષ્મણભાઈ,** ઉ.વ. ૯૫, સેકટર-૧૨
- **સ્વ. દત્ત ગોપાલભાઈ કાન્તીલાલ,** ઉ.વ. ૫૩, ડભોડા
- **સ્વ. નાયક આતાજી કાળાજી,** ઉ.વ. ૭૦, વિજોલ, દસક્રોઈ
- **સ્વ. બિહોલા ખાંડુભા દશરથસિંહ,** ઉ.વ. ૩૨, પાલજ
- **સ્વ. પરમાર રામજીભાઈ પાંચાભાઈ,** ઉ.વ. ૩૫, છાલા
- **સ્વ. મોદી મંગુબેન પ્રહલાદભાઈ,** ઉ.વ. ૭૭, સેકટર-૨૩

રૂદ્રભૂમિ ●

- **સ્વ. મહેતા શર્મિષ્ઠાબેન ચુનીલાલ,** ઉ.વ. ૮૫, રાયસણ
- **સ્વ. વ્યાસ ત્રંબકલાલ ભાણજી,** ઉ.વ. ૮૪, સેકટર-૫
- **સ્વ. લીંબોચિયા હરગોવિંદભાઈ ગિરધરભાઈ,** ઉ.વ. ૮૩, અડાલજ

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાનું રૂપાલ પ્રા. આ. કેન્દ્રને ગુણવત્તાસભર સેવા માટેનું પ્રમાણપત્ર ભારત સરકાર તરફથી પ્રમાણપત્ર મળ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંજચાયતના ત્રણ સભ્યોને સામાજિક બઢતી મળી છે. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ અને કોંગ્રેસના અજીતસિંહ રાઠોડની દિકરીબાના વેવિસાળ થયા છે તો વિપક્ષના નેતા રશ્મિનજી ઠાકોરે દિકરો પરણાવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે આરોગ્યતંત્રની વિવિધ કામગીરી અંગે સમીક્ષા બેઠક મળી હતી.
- ૨૬મી જાન્યુઆરીએ ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો હતો. શહેરમાં ૫૪૪ અને ગ્રામ્યમાં ૨૦૨ કેસ નોંધાયા હતા.
- દહેગામ-નાંદોલ રોડ પર રેલ્વેની જમીન પર થયેલા દબાણો દૂર કરવાની કામગીરી આજે સવારથી આરંભાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા પુનઃ વકરી જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં ૩૦મી જાન્યુઆરી સુધી ઠંડીનું જોર રહેશે. જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૫-૨૯ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૭-૧૧ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૫ થી ૪૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૪ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગે હવામાન પૂર્વાનુમાનમાં કહ્યુ છે.
- તલાટી વર્ગ-૩ની ૩૪૩૭ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ૧૫મી ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે.
- રાજ્યના બે સિનીયર મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી અને રાઘવજી પટેલને કોરોનાની સઘન સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા આયુર્વેદ દવાખાનાઓ ખાતે ઉકાળા અને સંશયની વટી ગોળીનું વિતરણ કરવામાં આવશે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
'ગુજરાત સરકારનું સાહસ'
જાહેર નિવિદા નંબર-૧૯ સને. ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, માલપુર રોડ, મોડાસા, મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૬૧૬ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

અ નં	કામની વિગત	અંદાજીત કિંમત રૂ. લાખમાં	કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા	ટેન્ડર આઈડીનં.	ભાવો ભરવાની છેલ્લી તા
૧	એસ.કે.-૩ ભાગ-૧ અને ૨ યોજના તળે ભુગર્ભ સંપ પંપીંગ મશીનરી, પાઈપ લાઈન તથા આનુસાંગિક કામ. (બીજીવારનું)	૪૯.૫૨	'ઈ-૧' કલાસ અને ઉપરના	૫૦૨૩૦૯	૭/૨/૨૨

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગાની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પઢીનો કોઈપણ સુધારો હશે તો ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૫૩૫/૨૦૨૨